મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૮ ટકા

ગાંધીનગર તાપમાન

# કોરોનાએ છીનવ્યુ બાળકોનું બાળપણ

## ઘરની બહાર ન નીકળવા સાથે, બહારનું વાતાવરણ અને ફ્રેન્ડસ સાથે વાર્તાલાપ પૂરતા પ્રમાણમાં ન થવાથી બાળકો ચિડાયા : ઓનલાઈન શિક્ષણ બાદ હોમવર્ક કરતા બાળકોને કંટાળો આવવા સાથે સ્ક્રિન ટાઈમીંગ વધી જવાથી આંખો બળવાની વાલીઓની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૫

કોરોનાનો સમય નાનાથી લઈ મોટા દરેક માટે કપરો રહ્યો છે. આજે કોઈને ઘરમાં રહેવું ગમતું નથી તો કોઈને ઘરની બહાર જવું જ પસંદ છે. મિશ્ર પરિસ્થતિ વચ્ચે પણ છેલ્લે તો ઘરે રહેવાનો વિકલ્પ જ યોગ્ય છે કારણકે આજે કયાં કોરોના છે તે ખબર નથી. તેમાં પણ મોટાઓ પણ હવે કંટાળ્યા છે ત્યારે નાના બાળકો વિશે તો શું કહેવું? છેલ્લા માર્ચ મહીનાથી બાળકો કપરી સ્થિતિમાં મુકાયા છે. પહેલા મોબાઈલ રમવા માટે માતા પિતા પાસે આજીજી કરતા આજે માતા પિતાને સામેથી ઓનલાઈન શિક્ષણ અર્થે મોબાઈલ આપવો પડે છે અને તે સિવાયના કલાકોમાં પણ બાળકો ટીવી, લેપટોપ કે મોબાઈલ લઈનો ઓનલાઈન ગેમ કે કાર્ટૂન કે મુવી જોવે છે. એટલે કે બાળકોનો સ્ક્રીન ટાઈમીંગ વધી ગયો છે અને ઘરની અંદર જ રહીનો તેઓ ચિડચીડા થઈ ગયા છે.

ઘરની બહાર નીકળવા, રમવા કે ફ્રેન્ડસને મળવા છેલ્લા છ મહીનાથી વધુ સમયથી બાળકોને મળ્યું જ નથી જેને કારણે તેઓ કંટાળી ગયા છે. દરરોજ એકનું એક રૂટીન થઈ જવાથી તેઓમાં નેગેટીવીટીનું પ્રમાણ વધી રહ્યું છે. સામે માતા પિતા પણ તેમને સંભાળતા થાકયા છે તેઓ પણ કોરોનાની પરિસ્થિતિનો સામનો કરતા કંટાળ્યા છે. સાથે બાળકો સાથે ડીલ કરવીએ હવે તેમના માટે અઘરી બની છે. બાળકોનું બાળપણ છીનવાઈ રહ્યું છે. સાથે સાથે ઈતર પ્રવૃત્તિ ઘટવાને કારણે માનસિક રીતે તેઓ ત્રસ્ત થઈ ગયા છે. ભણવાનો ઓનલાઈન સમય પૂર્ણ થાય પછી હોમવર્ક કરવામાં તેઓનું મન નથી લાગતું તેવું નગરના વાલીઓ જણાવે છે. સામે શિક્ષકો કરતા વાલીઓનું કામ આજે વધી ગયું છે. આખો દિવસ ઘરમાં રહેવાની સાથે માતાએ ઓનલાઈન સ્કૂલ ટાઈમ અને હોમવર્ક સાથે એકટીવીટી તરફ સપૂર્ણ ધ્યાન આપવું જ પડે છે. બાળકો હવે ઘરે રહેવાથી એટલા કંટાળ્યા છે કે હોમવર્ક કરવામાં તેમને રસ નથી જેને કારણે વાલીઓ ચિંતામાં મુકાયા છે. બાળકને ઘરની બહાર જવા દેતાય તેઓ ડરે છે કારણ કે આજે ઘરે ઘરે કોરોના છે. બાળક સંભાળ રાખ્યા વગર રમતું હોય તેને જલ્દી રોકી પણ શકાતું નથી ત્યારે બાળકો તો અત્યારે મુંઝવણમાં છે જ વાલીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. સાથે ઘરે રહીને ઈલેકટ્રોનીક ગેઝેટ આપ્યા સિવાય વાલીઓ પાસે કોઈ ઓપ્શન નથી ત્યારે સ્કીન ટાઈમીંગ વધી જવાથી બાળકોની આંખોનો પણ નુકશાન થઈ રહ્યું છે.




# વાવોલમાં ૧૩૨ કોરોના ટેસ્ટ થયાં, ૪ વ્યકિતઓ પોઝિટિવ

## શાલીન-૪ ખાતે ૬૯ વ્યકિતઓ અને કિર્તીધામ ખાતે ૬૩ વ્યકિતઓના ટેસ્ટીંગ કરાયા





ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં કોરોના સંક્રમણને નાથવા માટે આરોગ્ય તંત્રએ ટેસ્ટીંગ અભિયાન હાથ ધર્યું હોય તેવી સ્થિતિ છે જે અંતર્ગત વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટ અને કિર્તીધામ સોસાયટી ખાતે કોરોના ટેસ્ટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટીંગ અભિયાનમાં આજે કુલ ૧૩૨ ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા જેમાંથી ૪ કેસ પોઝિટિવ મળી આવ્યા હતા.

વાવોલ આરોગ્ય કેન્દ્ર દ્વારા આજે સવારે શાલીન-૪ એપાર્ટમેન્ટ તથા કિર્તીધામ સોસાયટી ખાતે કોરોના ટેસ્ટીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શાલીન-૪ ખાતે ૬૯ વ્યકિતઓનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી એક વડીલ વ્યકિતનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. કિર્તીધામ સોસાયટી ખાતો ૬૩ વ્યકિતઓનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો જે પૈકી ૩ વ્યકિતઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમાં કિર્તીધામ સોસાયટીમાં ૧, અંકુર એપાર્ટમેન્ટમાં અને દરજીવાસની ૧ વ્યકિતનો સમાવેશ થાય છે. આમ, વાવોલમાં આજે હાથ ધરાયેલા કોરોના ટેસ્ટીંગમાં કુલ ૧૩૨ ટેસ્ટ પૈકી ૪ વ્યકિતઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.

# સેકટર-૧૯ ખાતે છેલ્લા ૨૩ દિવસથી સ્ટ્રીટ લાઈટ બંધ : રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૯ ખાતે છેલ્લા ૨૩ દિવસથી સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા સ્થાનિક નાગરીકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. શહેરના વીઆઈપી સેકટરમાં સ્ટ્રીટ લાઈટની આ પરિસ્થિતિ છે, તો અન્ય સેકટરમાં ખોદકામને પગલે છેલ્લા કેટલાક સમયથી અંધારપટ જેવી સ્થિતિનું નિર્માણ પામ્યું છે. ત્યારે સેકટર-૧૯માં સ્ટ્રીટ લાઈટ તંત્ર દ્વારા ઝડપી શરુ કરવામાં આવે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના નવા સેકટરોમાં હાલના સમયે ગ માર્ગનું કામ ચાલી રહ્યું છે અને નવિન ગટર લાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે. જેથી નવા સેકટરોમાં આંતરીક માર્ગો પર આવેલા તમામ વીજપોલની લાઈટો બંધ હાલતમાં છે. સેકટરમાં અંધારપટ જેવી સ્થિતિનું નિર્માણ પામી છે. સેકટરોમાં ખોદકામ અને ગટરના પ્રશ્ને અંધારપટ હોવાથી નાના મોટા અકસ્માત સર્જાય છે અને નગરજનોને ઈજા પણ પહોંચે છે. ત્યારે શહેરના વીઆઈપી સેકટર-૧૯ ખાતે પ્લોટ નં.૩૬ બી પાસે છેલ્લા ૨૩ દિવસથી લાઈટો ડુલ રહેવા પામી છે. સેકટરમાં વસાહતીઓને રાત્રીના અંધકારને પગલે ચોરીનો ભય પણ સતાવી રહ્યો છે. ત્યારે સેકટર-૧૯ માં તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી સ્ટ્રીટ લાઈટો શરુ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# રોટરી ક્લબ ઓફ કેપીટલ ગાંધીનગર દ્વારા ટીચર્સ ટ્રેનીંગ સેમીનાર યોજાયો




ગાંધીનગર, તા.૨૫

રોટરી ક્લબ ઓફ કેપીટલ ગાંધીનગર દ્વારા ટીચર્સ ટ્રેનીંગ સેમીનારનું આયોજન આદર્શ નિવાસી કન્યા શાળા, સેકટર-૮ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં અરવિંદ ભાઈ રાણાએ આદર્શ શિક્ષકના મુલ્યો પર સુંદર વકતવ્ય આપ્યુ હતું.

સેમિનારમાં આદર્શ નિવાસી કન્યા કુમાર શાળા શિક્ષણગણ અને સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કુમાર શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ તેમજ કન્યા શાળા આચાર્ય ડી.એન. પટેલનું રોટરી ક્લબ ઓફ કેપીટલ ગાંધીનગર પ્રમુખ ઈલાબહેન વૉરા અને સચિવ હસમુખ મેકવાન દ્વારા સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યુ હતું.

# સાયન્સ એન્ડ ટેક્નોલોજી સેક્રેટરી હરિત શુક્લાએ સાયન્સ સિટીની ઇ બુકનું અનાવરણ કર્યું

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ ના સેક્રેટરી હરિત શુક્લા દ્વારા ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી અમદાવાદ ખાતે સાયન્સ પોપ્યુલરાઈઝેશન પ્રોગ્રામ્સ ૨૦૨૦—ઈ બુક નું અનાવરણ કરવામાં આવ્યું. આ ઈ બુક માં સાયન્સ સિટી દ્વારા ૨૦૨૦ માં યોજવામાં આવનાર તમામ ઈવેન્ટ માહિતી છે જેમાં કાર્યક્રમ ની થીમ, નિષ્ણાતો વિષે ની માહિતી, તેમના લેક્ચર્સ અને પ્રયોગો, ફેસબુક સૂચનો, ભવિષ્યમાં યોજાનાર ઈવેન્ટ અને તેની સોશિયલ મીડિયા લિંક અને ગુજરાત સાયન્સ સિટીની ઈવેન્ટમાં ભાગ લેવા માટે ની વેબસાઈટની માહિતી અપાઈ છે. ગુજરાત સાયન્સ સિટી




તેના ધ્યેય ‘કનેકટિંગ કમ્યુનીટી વિથ સાયન્સ’ — લોકોને વિજ્ઞાન સાથે જોડવા — ને લઈને હંમેશા પ્રયત્નશીલ છે. આ ઈ બુક એ દિશામાં વધુ એક પ્રયત્ન છે જે દ્વારા દરેકને સાયન્સ સાથે જોડાવવાનો વધુ અવસર મળશે. આ ઈ બુક ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટીની વેબસાઈટ https://scity.gujarat.gov.in/ ઉપર ફ્રી માં ઉપલબ્ધ છે.

# શહેરમાં એક જ દિવસમાં ચાર ઝેરી સર્પોને રેસ્કયુ કરાયા

## ૨ કોબ્રા અને એક રસેલ્સ વાઈપર તથા એક ક્રેઈટ સ્નેક રેસ્કયુ કરાયા







ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં ચોમાસાની ઋતુમાં મોટી માત્રામાં સરિસૃપો નિકળવાની ઘટનાઓ બનતી હોય છે. આ કારણે ગાંધીનગરમાં સાપ નીકળે એટલે એને સલામત રીતે પકડીને જંગલમાં સુરક્ષિત સ્થળે છોડી દેવાની સેવા આપતા સ્નેક રેસ્ક્યુર સ્વયંસેવકો શહેરમાં કાર્યરત છે જેઓ વિના મૂલ્યે તેમની સેવાઓ આપે છે કેમ કે તેમને સરિસૃપો સહિત વન્યજીવો અને પ્રકૃતિ પર ભારે લગાવ હોય છે. આવા જ બે સર્પમિત્રો હુસેન પટેલ અને ફારૂખ ઠેબા દ્વારા ગુરુવારે સવારથી રાત્રિ સુધીમાં વિવિધ વિસ્તારમાંથી ચાર ઝેરી સાપ રેસક્યું કર્યા હતા જેમાં ૨ કોબ્રા અને એક રસેલ્સ વાઈપર તથા એક ક્રેઈટ સ્નેક રેસ્કયુને કરીને સલામત રીતે જંગલમાં છોડી દેવાની સેવા પૂરી પાડવામાં આવી હતી.

ચોમાસાની ઋતુ એટલે ‘સર્પોનો ફુડ ફેસ્ટિવલ’ આ ઋતુમાં સરીસૃપો આવનારા શીતકાળ માટેનો ખોરાક પણ ગ્રહણ કરી લે છે જેથી શિયાળાની ઠંડીમાં શીતનિંદ્રામાં જતા રહેતા સરીસૃપો તેમનું અસ્તિત્વ ટકાવી શકે. આ કારણે અત્યારે શહેરમાં સરીસૃપો નીકળવાની ઘટનાઓ વધી જવા પામી છે. શહેરના જ્યારે માનવ રહેણાંક વિસ્તારમાં સરીસૃપ દેખાય એટલે તેના થકી કોઈ નાગરિકને કે કોઈ માનવી થકી સરીસૃપને નુકશાન ના પહોંચે તે હેતુથી તેમને સલામત રીતે રેસ્ક્યુ કરી જંગલ વિસ્તારમાં છોડી મુકવા હિતાવહ હોય છે અને શહેરમાં આ કાર્ય માટે અનેક સેવાભાવી સ્નેક લવર્સ તેમની સેવાઓ પુરી પાડી રહ્યાં છે. હુસેન પટેલ અને ફારૂખ ઠેબા દ્વારા ગુરુવારે સવારથી રાત્રિ સુધીમાં વિવિધ વિસ્તારમાંથી ચાર ઝેરી સાપ રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતા જેમાંથી સવારના સમયે સેક્ટર-૯માં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતેથી એક રસલ્સ વાઈપર, સે.૨૧માં અપના બજાર ખાતેથી એક કોબ્રા નાગ, બપોરે સેક્ટર-૨૩ ખાતેથી એક ક્રેઈટ સ્નેક અને મોડી રાત્રીએ સેક્ટર-૨૨ના રંગમંચ ખાતેથી વધુ એક કોબ્રા નાગ મળી આવ્યો હતો.

એક જ દિવસમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ઝેરી સાપ નિકળવાના કોલ મળવા સાથે હુસેન પટેલ અને ફારૂખ ઠેબા દ્વારા ચારેય સર્પને રેસ્ક્યુ કરીને સલામત રીતે જંગલમાં છોડી મુકવામાં આવ્યા હતા. કોરોના મહામારીની ગંભીર પરિસ્થિતિમાં પણ આ કપરુ કાર્ય પાર પાડનાર સ્વયસેવકો ઈચ્છે છે કે દરેકે પ્રકૃતિના જતન પર ધ્યાન આપવું જોઈએ તો જ આપણે આવી મહામારીઓથી બચી શકીશુ. આ વન્ય જીવો સૃષ્ટિ માટે ખૂબ જ ઉપયોગી છે તે આપણે ભૂલવું ના જોઈએ.



# ઈન્ટરસેપ્ટર મોબાઈલ ચાલકે ઈજાગ્રસ્તને સિવિલ પહોંચાડ્યો

ગાંધીનગર શહેરના પહોંળા અને ચકાચક માર્ગો પર વાહન ચાલકો રોકેટ ગતિએ પોતાના વાહનો હંકારતા હોય છે. જેને પગલે બે પૈંડા પરની જીંદગી જોખમાઈ છે. ટ્રાફિક નિયમનનો ભંગ કરી ચાલકો વાહનો હંકારતા અકસ્માતમાં નિર્દોષ નગરજનોને ઈજાઓ પહોંચે છે. ત્યારે શુક્રવારના રોજ બપોરના સુમારે ચ માર્ગ પર સેકટર-૭-૮ ના કટ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં વાહન ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારે તે સમયે ચ માર્ગ પરથી પસાર થઈ રહેલી ઈન્ટરસેપ્ટર મોબાઈલ ચાલકે ગાડી ઉભી રાખીને ઈજાગ્રસ્તને બેસાડી તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. ઈજાગ્રસ્તને એડમીટ કરીને તેના પરિવારજનોને પણ જાણ કરી હતી.

# રવિવારે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા તા. ૨૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ થી ૧૨.૩૦ દરમિયાન રકતદાન શિબિરનું આયોજન સે-૧ સ્થિત ગાયત્રી મંદિર ખાતે કરવામાં આવ્યું છે. આ શિબિરમાં એકઠું થયેલું રકત થેલેસેમિયા પડિત બાળદર્દીઓને પુરું પાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ કેમ્પમાં રેડક્રોસ સોસાયટી અમદાવાદ જિલ્લા શાખા દ્વારા રકત એકત્રિત કરવામાં આવશે. ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સર્વે નગરજનોને આ શિબિરમાં ભાગ લેવા જણાવાયું છે.




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને લઈને ઉજવાઈ રહેલ સેવા સપ્તાહ અંતર્ગત કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા સે-૬ સ્થિત આઈ કેર હોસ્પિટલ ખાતે આંખોની તપાસ અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં ડૉ. તેજલબેન દલાલ દ્વારા નિઃશુલ્ક તપાસ, દવા અને ચશ્માની સેવા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ, કોર્પોરેટર નીલાબેન શુકલ, મહેન્દ્રભાઈ પટેલ, મણીબેન દેસાઈ, પ્રિયાબેન પટેલ તથા વિક્રમ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. અહીં કુલ ૩૨ દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી. રૂષિકાબેન ચક્રવર્તીનો પુરતો સહયોગ સાંપડયો હતો.

# બી.એડ. કોલેજો માટે એસેસમેન્ટ તથા એક્રેડિટેશન અંગે રાષ્ટ્રીય વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૫

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (આઈઆઈટીઈ) અને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (એનએએસી – નૅક)ના સંયુક્ત ઉપક્રમે સંલગ્ન બી.એડ. કોલેજો માટે એસેસમેન્ટ અને એક્રેડિટેશનની નવી પ્રક્રિયા વિશે માર્ગદર્શન અને સમજૂતી માટે રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ વેબિનારમાં નૅકના સલાહકાર ડૉ. ગણેશ હેગડે, ડૉ. સુજાતા શાનભાગ, સહ સલાહકાર ડૉ. એ. વી. પ્રસાદ અને પ્રૉફ. ટી. કે. એસ. લક્ષ્મી જોડાયાં હતાં. આઈઆઈટીઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન શિક્ષક પ્રશિક્ષણની કોલેજો માટે ક્વૉલીટી એશ્યોરન્સ અને એક્રેડિટેશન મેળવવાની પ્રક્રિયાના વિવિધ ભાગોની સમજણ તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી.

ડૉ. ગણેશ હેગડેએ ટીચર એજ્યુકેશન કોલેજો માટે નૅકમાં કેવી રીતે અરજી કરવી, અને તે માટેની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પર સમજણ આપી હતી. ડૉ. સુજાતા શાનભાગે નૅકના માળખા અને એક્રેડીટેશન મેળવવાની પ્રક્રિયાના સાત તબક્કાઓની સમજણ આપી. આ ઉપરાંત નૅકના સહ-સલાહકાર ડૉ. એ.વી. પ્રસાદે કોલેજોના એસેસમેન્ટ અને એક્રેડિટેશન માટે ડેટા વેલિડેશન અને વેરિફિકેશન, સ્ટુડન્ટ સેટિસ્ફેક્શન સર્વે અને પીયર ટીમ વિઝીટના મહત્ત્વ અને તેની પ્રક્રિયા અંગે જાણકારી આપી હતી.

વેબિનારના અંતિમ ભાગમાં, સેમિનારમાં જોડાયેલ કોલેજના આચાર્યોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા અને એસેસમેન્ટ અને એક્રેડીટેશનને લગતા પ્રશ્નોનું સમાધાન મેળવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. કડિયા મંગુબેન આત્મારામ, ઉ.વ. ૭૯, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ રેણુકાબેન રમેશભાઈ, ઉ.વ. ૬૨, નવા વાડજ, અમદાવાદ
- સ્વ. ડાહીબેન અંબાલાલ પટેલ, ઉ.વ. ૭૨, સજ્જનપુરા, તા.માણસા
- સ્વ. નરિસંહભાઈ મણીલાલ લીમ્બાચીયા, ઉ.વ. ૬૮, નરોડા, અમદાવાદ
- સ્વ. કેશવલાલ ઈશ્વરદાસ સુથાર, ઉ.વ. ૮૬, પીંડારડા, તા. ગાંધીનગર